SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Navgujarat Times**
**Edition:** Surat | **Date:** June 13, 2011 | **Page No.:** 03 | **Category:** Sterling Hospital

## Doctors' Team successfully performs the first living donor liver transplantation at Sterling Hospital

# સ્ટર્લિંગ હોસ્પિટલની ડોક્ટર્સ ટીમે જીવીત દાતાના લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરાયું

- બ્યુરો દ્વારા
- અમદાવાદ, તા. ૧૨

સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટ હોસ્પિટલ્સમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદની ડોક્ટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવીત વ્યક્તિના લીવરની મદદથી, લીવર સીરોસીસથી પીડાતા વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના ૫૨ વર્ષીય જનરલ પ્રેકટીશનર ડૉ. કનુભાઈ ગોહિલ અને તેમના સંબંધી પરમાર ઉપર આ ઓપરેશન ડૉ. એ.એસ. સોઈન, ડૉ. હિતેષ ચાવડા, ડૉ. રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ગુરગાંવના મેડીસીટી ઈન્સ્ટીટયુટ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ રિજનરેટીવ મેડીસીનના ચીફ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટ એન્ડ હીપેટોબીલીઅરી સર્જન ડૉ. એ.એસ. સોઈન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.

આ કેસની વિગત આપતાં સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદના કન્સલટન્ટ હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડિવિઝન ચીફ ડૉ. હિતેષ ચાવડાએ જણાવ્યું હતું કે, ગયા મહિને ડૉ. કનુભાઈએ પેટની તકલીફ, અશક્તિ અને કમળાની ફરિયાદ સાથે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાવ્યું હતું કે, તેમણે ૨૦ વર્ષ અગાઉ કોઈ રક્તદાતા તરફથી તેમને હીપેટાઈટીસ-સીનો ચેપ લાગ્યો હતો અને તેના કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટર્મિનલ લીવર ફેઈલ્યોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા. આથી તેમને મૃત વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહીં કરવાનું જણાવ્યું હતું. આંથી, જીવીત વ્યક્તિનું લીવર મેળવવા જણાવતા તેમના સાળા મદદે આવ્યા અને તેમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમના લિવરનો એક હિસ્સો લઈને ઓપરેશન હાથ ધરાયું. બંનેને ૧૨માં દિવસે તંદુરસ્ત હાલતમાં રજા અપાઈ.